આજની પ્રાર્થના....
કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૭ | ૧૭ જુન, ૨૦૨૧, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# તારાપુર નજીક ભીષણ અકસ્માત : ૧૧નાં મોત

**ભાવનગરનો પરિવાર સુરતથી ભાવનગર ઈકો કારમાં સવાર થઈને જઈ રહ્યો હતો ત્યારે ઈન્દ્રણજ ગામ પાસે કાર ટ્રકની સાથે ધડાકાભેર ટકરાઈ**



આણંદ,તા.૧૬

રાજયમાં વધુ એક અકસ્માતમાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો. આણંદ જિલ્લાના તારાપુર નજીક ઈન્દ્રણજ ગામ ખાસે ટ્રક અને ઈકો કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં એક બાળકીનો પણ સમાવેશ થાય છે. મૃતક તમામ લોકો ઈકો કારમાં સવાર હતા. આ મામલે પોલીસે વધારે તપાસ આદરી છે. કારમાં સવાર પરિવાર સુરતથી ભાવનગર જઈ રહ્યો હોવાની માહિતી મળી છે. કારમાં સવાર ૧૧ લોકોમાં પાંચ પુરુષ, ત્રણ મહિલા અને બે બાળકનો સમાવેશ થાય છે. મોતને ભેટેલો પરિવાર ભાવનગરનો હોવાની માહિતી સામે આવી રહી છે. મળતી માહિતી પ્રમાણે તારાપુર નજીક ઈન્દ્રણજ ગામ પાસે એક ટ્રકે સામેની બાજુથી આવીને એક ઈકો કારને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ઘટનાસ્થળે જ ૧૧ લોકોનાં કમકમાટી ભર્યા મૃત્યુ થયા હતા. આ બનાવ તારાપુર ચોકડીથી આશરે છ કિલોમીટર દૂર અંતરે બન્યો હતો. ટ્રક રાજકોટથી સુરત જઈ રહ્યો હોવાની માહિતી મળી છે. અકસ્માતનો ભોગ બનેલી ઈકો કાર તારાપુરથી વટામણ તરફ જઈ રહી હતી. અકસ્માતમાં કારમાં સવાર તમામ લોકોનાં મૃત્યુ થયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે ઈકો કાર અડધી ટ્રક નચી ઘુસી ગઈ હતી. અકસ્માત સ્થળના જે દ્રશ્યો સામે આવ્યા છે તે ખરેખર ડરાવનારા છે. ટ્રકની ટક્કર બાદ ઈકો કારમાં સવાર લોકો કારમાં જ મૃત્યુને ભેટ્યા હતા. ઈકો કારમાં તમામ લોકોનાં મૃતદેહ એકની ઉપર એક પડ્યા હતા. આ દ્રશ્યો એવા ડરાવનારા હતા કે કઠણ કાળજાનો માણસ પણ કંપી ઉઠે. અકસ્માત સર્જનાર ટ્રક મધ્ય પ્રદેશનો હોવાનું નંબર પ્લેટ પરથી માલુમ પડ્યું છે. જ્યારે ઈકો કાર પેસેન્જર કાર તરીકે નોંધાયેલી છે. અકસ્માત સર્જનાર ટ્રક અને કાર

● અનુસંધાન પાન-૭ પર

## ઈઝરાયેલે ગાઝા પર હવાઈ હુમલા કર્યા : યુદ્ધના ભણકારા

**પહેલાં ઈઝરાયેલ તરફ ગોળા ફેકવામાં આવતા વળતો હુમલો કર્યો હોવાનો દાવો : યુધ્ધ વિરામનો ભંગ કર્યો**



નવી દિલ્હી,તા.૧૬

ગત મહિને ૧૧ દિવસ સુધી ચાલેલા ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો અંત એક સીઝફાયર સાથે થયો હતો. પરંતુ ઈઝરાયેલ અને ગાઝા એકવાર ફરીથી આમને સામને આવી ગયા છે. મળતી માહિતી મુજબ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર ફરી એકવાર હુમલો કર્યો છે. ઈઝરાયેલે સીઝફાયરનો ભંગ કરતા ગાઝા તરફ રોકેટ છોડ્યા છે. જેને ૨૧ મેના રોજ થયેલા યુદ્ધવિરામના અંત તરીકે જોવામાં આવી શકે છે. ઈઝરાયેલ દ્વારા કરાયેલો આ હુમલો સીઝફાયર સમજૂતિ બાદ સૌથી મોટી ઘટના છે. આ હુમલા અંગે ઈઝરાયેલે કહ્યું કે જ્યારે હમાસ તરફથી ઈઝરાયેલ બાજુ ગોળા ફેકવામાં આવ્યા ત્યારે ઈઝરાયેલા આ હુમલો કર્યો છે. તેની બરાબર પહેલા હાલમાં જ ઈઝરાયેલી દક્ષિણપંથીઓએ પૂર્વ જેરૂસેલમ તરફ કૂચ કરી હતી જેમાં ખુબ ઉત્તેજક નારા પણ લાગ્યા હતા. જેના કારણે પેલેસ્ટાઈન ખુબ નારાજ થયું હતું. અત્રે જણાવવાનું કે ૧૧ દિવસ ચાલેલા હમાસ અને ઈઝરાયેલી યુદ્ધ એક દાયકાની અંદર ચોથુ યુદ્ધ હતું. જેનો અંત ૨૧મી મે ૨૦૨૧ના રોજ એક સીઝફાયર સમજૂતિ

● અનુસંધાન પાન-૭ પર

# ગંગામાં વહેતા લાકડાના બોક્સમાંથી બાળકી મળી

**નવજાતની સાથે કુંડળી મૂકી હતી : રડવાનો અવાજ આવતા નાવિકે બોક્સ ખોલ્યું, દેવી-દેવતાની તસવીરો વચ્ચે બાળકી ચુંદડીમાં વીંટાળેલી હતી**



ગાજીપુર,તા.૧૬

ઉત્તર પ્રદેશના ગાજીપુર જિલ્લામાં ગંગા નદીમાં વહી રહેલા એક લાકડાના બોક્સમાં ૨૧ દિવસની માસૂમ બાળકી મળી આવી છે. ગાજીપુરમાં દદરી ઘાટના કિનારે ગંગામાં વહી રહેલા બોક્સમાંથી બાળકીના રડવાનો અવાજ સાંભળીને જયારે નાવિકે તેને ખોલ્યું તો તેની આંખો પહોળી થઈ ગઈ. બોક્સમાં દેવી-દેવતાઓની તસવીરો અને જન્મકુંડળની સાથે એક માસૂમ બાળકી ચુંદડીમાં વીંટાળેલી હતી. ત્યારબાદ પોલીસને આ બાબતની જાણ કરવામાં આવી. પોલીસે બાળકીને આશા જયોતિ કેન્દ્ર મોકલી આપી છે અને તપાસમાં લાગી ગઈ છે. મળતી માહિતી મુજબ, દદરી ઘાટ પર ગંગા નદીના કિનારે એક લાકડાનું બોક્સમાંથી એક નાવિકને કોઈ બાળકના રડવાનો અવાજ સંભળાયો. નાવિકે પાસે જઈને જોયું તો લાકડાના બોકસની અંદરથી કોઈ બાળકના રડવાનો અવાજ આવી રહ્યો હતો. ત્યાં સુધીમાં ઘાટ પર હાજર લોકો પણ ત્યાં એકત્રિત થઈ ગયા. લોકોએ લાકડાનું બોક્સ ખોલ્યું તો તેઓ સ્તબ્ધ થઈ ગયા.

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈમાં ભારે વરસાદથી ઠેર-ઠેર પાણી પાણી, લોકો પરેશાન

**મુંબઈની લોકલની રફતાર વરસાદના કારણે ધીમી પડી, એક્સપ્રેસ વેસ્ટર્ન હાઈવે પર ગાડીની લાંબી લાઈનો લાગી**



નવી દિલ્હી, તા. ૧૬

દેશની આર્થિક રાજધાની મુંબઈ ભારે વરસાદના પગલે ફરી એક વખત પાણી પાણી થઈ રહી છે અને લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આજે સવારથી મુંબઈમાં ફરી એક વખત ભારે વરસાદ શરુ થતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનુ શરુ થયુ હતુ.હાલમાં મુંબઈની લોકલ ટ્રેનની રફતાર પણ વરસાદના કારણે ધીમી પડી છે.જેથી કોઈ દુર્ઘટનાના સર્જાય .જોકે મોટા પાયે પાણી ભરાવાની ફરિયાદો હજી સામે આવી નથી.

વરસાદના કારણે એક્સપ્રેસ વેસ્ટર્ન હાઈવે પર મોટા પાયે ગાડીઓની લાંબી લાઈનો લાગી હતી.મુંબઈમાં જોકે હવામાન વિભાગે ૯ જૂનના રોજ ભારે વરસાદની આગાહી કરી હતી પણ તે સમયે વરસાદ ગાયબ રહ્યો હતો અને હવે જ્યારે હવામાન વિભાગે ભારે વરસાદની ચેતવણી આપી નહોતી એ પછી ભઆરે વરસાદ શરુ થઈ ગયો હતો.મુંબઈ શહેરમાં આજે સવારથી ૨૮ મિલિમિટર વરસાદ નોંધાયો છે.

## પેટ્રોલમાં ૨૫ પૈસાનો અને ડિઝલમાં ૧૩ પૈસાનો વધારો

નવી દિલ્હી,તા.૧૬

સરકારી ઓઈલ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવમાં આજે ૧૬ જૂને ફરી વધારો ઝીંકી દીધો છે. સતત મોંઘું થઈ રહેલું પેટ્રોલ કેટલાક શહેરોમાં ૧૦૭ રૂપિયા પ્રતિ લીટરને પાર વેચાઈ રહ્યું છે. નોંધનીય છે કે, આજે પેટ્રોલની કિંમતમાં ૨૫ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. તો બીજી તરફ, ડીઝલની કિંમતમાં ૧૩ પૈસા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આજે દિલ્હીમાં એક લીટર પેટ્રોલની કિંમત ૯૬.૬૬ રૂપિયા અને ડીઝલની કિંમત ૮૭.૪૧ રૂપિયા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ રોજેરોજ બદલાતા રહે છે અને સવારે ૬ વાગ્યે અપડેટ થઈ જાય છે. પેટ્રોલ-ડીઝલના રોજના ભાવ એસએમએસ કરીને પણ જાણી શકાય છે. ઈન્ડિયન ઓઈલના ગ્રાહક આરએસપી સાથે શહેરનો કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર અને બીપીસીએલ ગ્રાહક આરએસપી લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ નંબર પર મોકલીને જાણકારી મેળવી શકે છે.

# ભારતમાં આપત્તિજનક કન્ટેન્ટ માટે ટ્વિટરને જવાબદાર ઠેરવી શકાશે

નવી દિલ્હી, તા. ૧૬

નવા આઈટી રૂલ્સનું પાલન ન કરવું ટ્વીટરને ભારે પડી ગયું છે. ટ્વીટરને ભારતમાં મળતું લીગલ પ્રોટેક્શન એટલે કે કાયદાકીય સુરક્ષાનો અંત આવ્યો છે. સરકારે ૨૫ મેના રોજ નવા નિયમ લાગુ કર્યા હતા પરંતુ ટ્વીટરે હજુ સુધી આ નિયમોને લાગુ નથી કર્યા જેથી આ એક્શન લેવામાં આવી છે.

જોકે સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન કે આદેશ જાહેર નથી કરવામાં આવેલો. પરંતુ ટ્વીટરે હજુ સુધી નવા આઈટી નિયમો લાગુ નથી કર્યા માટે તેના લીગલ પ્રોટેક્શનનો જાતે જ અંત આવ્યો છે. ટ્વીટરનું લીગલ પ્રોટેક્શન દૂર થઈ જાય તે ખૂબ જ ગંભીર મુદ્દો છે. હવે ટ્વીટર ભારતીય કાયદા અંતર્ગત આવી ગયું છે અને કોઈ પણ આપત્તિજનક કન્ટેન્ટ માટે તેને જવાબદાર ઠેરવી શકાશે. સાઈબર લૉ એક્સપર્ટ્સના કહેવા પ્રમાણે 'આઈટી એક્ટની કલમ ૭૯ અંતર્ગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને લીગલ પ્રોટેક્શન મળે છે. તેમાં કોઈ પણ ગુનાહિત

**ભારતના નવા આઈટી કાયદાનું પાલન ન કરતાં ટ્વિટરની મુશ્કેલી વધી : ગાઝિયાબાદમાં ટ્વીટર વિરૂદ્ધ પહેલો કેસ પણ નોંધાયો, એફઆઈઆરમાં ટ્વીટર ઉપર ભ્રામક કન્ટેન્ટ દૂર ન કરવા માટેનો ગંભીર આરોપ લગાવાયો**

ગતિવિધિઓ માટે કંપનીની જવાબદારી નથી હોતી, પરંતુ જો હવે કોઈ કાયદાનું ઉલ્લંઘન થાય તો તેના માટે ટ્વીટર ઈન્ડિયાના હેડ જવાબદાર ગણાશે.' સરકારે ૨૫ ફેબ્રુઆરીના રોજ નવા આઈટી નિયમોની જાહેરાત કરી હતી અને તેને લાગુ કરવા માટે ૩ મહિનાનો સમય આપ્યો હતો. તે અંતર્ગત સોશિયલ મીડિયા કંપનીઓને ભારતમાં એક નોડલ અધિકારી, ફરિયાદ અધિકારી અને અનુપાલન અધિકારીની નિયુક્તિ માટે કહેવામાં આવ્યું હતું. નિયમોમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું કે આ ત્રણેય અધિકારીઓ ભારતીય અને કંપનીના અધિકારી હોવા જોઈએ. પરંતુ હજુ સુધી ટ્વીટરે આ નિયમ લાગુ નથી કર્યો.

## મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક યુવકમાં ગ્રીન ફંગસ જોવા મળ્યો

દેશમાં કોરોનાની બીજી લહેર બાદ મ્યુકરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસના દર્દીઓની સંખ્યા વધી છે. અત્યાર સુધીમાં બ્લેકની સાથે સાથે વ્હાઈટ અને ક્રિમ ફંગસના કેસ સામે આવ્યા છે અને હવે મધ્યપ્રદેશના ઈન્દરોમાં દેશનો પહેલો ગ્રીન ફંગસનો કેસ રિપોર્ટ થયો છે. ઈન્દોરમાં કોરોનાની બીજી લહેરનુ જોર ઓસરી ગયુ છે પણ ફંગસના કેસ વધી રહ્યા છે.ગ્રીન ફંગસનો દર્દી કોરોના થયાના ૯૦ દિવસ બાદ આ બીમારીનો શિકાર બન્યો છે.










હાર્દિક અભિનંદન

ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.ના પૂર્વ ચેરમેન અને ડિરેક્ટર ડો. હિમાંશુ પટેલની સરદાર પટેલ રાષ્ટ્રીય મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ અખિલ ભારતીય કુર્મી ક્ષત્રિય મહાસભા, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.... આ સાથે વિશ્વની ખ્યાતનામ સંસ્થા ભારત રત્ન પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્હી તરફથી લાઈફ ટાઈમ ગોલ્ડન એચીવમેન્ટ એવોર્ડ મળ્યા બદલ હાર્દિક શુભેચ્છાઓ....



-: શુભેચ્છક :-

પ્રવિણકુમાર ડી. પટેલ – વાઈસ ચેરમેન
વિક્રમ કે. પટેલ – ચેરમેન
વિપુલ આર. પટેલ – મેનેજિંગ ડિરેક્ટર

-: બોર્ડ ઓફ ડિરેક્ટર્સ :-

અશોકભાઈ આર. પટેલ | અશોકભાઈ જી. પટેલ | ઘનશ્યામભાઈ કે. પટેલ
ચંદ્રકાંતભાઈ સી. પટેલ | જયંતિભાઈ એમ. પટેલ | મનુભાઈ બી. પટેલ
વિષ્ણુભાઈ આઈ. પટેલ | લાલસિંહ કે. વાઘેલા | બીપીનભાઈ વી. પટેલ

દિપક એચ. શાહ - જનરલ મેનેજર તથા સમગ્ર બેંક પરિવાર

ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪-૧/૨, સેક્ટર-૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬
ફોન નં. ૨૩૨ ૪૭૨૧૫ / ૧૬, ૨૧૯૮૫, વોટ્સઅપ નં. ૯૭૨૭૭૩૩૧૦૦, વેબસાઈટ - www.gncb.co.in